## સાથીયા પુરાવો દ્વારે દિવડા પ્રગટાવો રાજ

# ...આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી

### આજથી શારદીય નવરાત્રિનો પ્રારંભ, ભક્તો જગદંબાની આરાધનામાં લિન્ન બનશે

ગાંધીનગર, તા. ૨૫

આદ્યશક્તિની આરાધનાનું અનોખુ પર્વ એટલે શારદીય નવરાત. આ દિવસોમાં માં આદ્યશક્તિની ઉપાસનાનું અનેરૂ મહત્વ શાસ્ત્રોમાં આલેખવામાં આવ્યું છે. જ્વારા અને ઘટસ્થાપન સાથે આ પર્વની ઉજવણી આનંદ અને ઉલ્લાસ સાથે માઈભક્તો કરતા રહ્યા છે.



આજથી આરંભાઈ રહેલ આ શારદીય નવરાત્રિમાં માતાને તેડા મોકલતાં ભક્તવૃંદો સાથિયા પુરાવો દ્વારે, દિવડા પ્રગટાવો રાજ આજ મારે આંગણે પધારશે મા પાવાવાળી... જેવા કર્ણપ્રિય ભજનોનું ગાન કરે છે. ચારે જુગમાં ગવાણી મોરીમાના તાલ સાથે તાલીઓથી માના આગમનના વધામણા પણ કરતા માઈભક્તો દ્વારા ચચરાચરમાં ભક્તિનો અનેરો માહોલ સર્જાતો હોય છે. આમ તો શારદીય નવરાતમાં ગરબીઓ હો...હો...ના અવાજ સાથે પુરૂષો ગાય અને ધરતીવળા પર લહેરાતા લીલાછમ્મ ખેતરોના પાકને વધાવતા હોય છે. એટલું જ નહિ પણ માતા પ્રત્યે માતૃત્વનો ગુણાનુવાદ કરતા હોય છે.

શારદીય નવરાતમાં ગરબીઓ હવે લુપ્ત થઈ રહી છે. શારદીય નવરાતમાં બે તાળી, ત્રણ તાળી, ચાર તાળીના ગરબા ગવાય છે. અર્વાચીન ગરબાઓમાં ક્યાંક ફિલ્મી સંગીતના સૂર પણ સંભળાય છે. જો કે માં આદ્યશક્તિની આરાધનાનું પર્વ જગતપિતા શંકરની ઉપાસના શ્રાવણ પછી આવે

● અનુસંધાન પાન-૭ પર

### સંસ્કૃતિ નગરમાં ગરબાનું અનોખુ આકર્ષણ

ગાંધીનગર આમ તો રાજકીય પાટનગર ગણાય છે પણ સંસ્કૃતિ નગર તરીકેની તેની આગવી ઓળખ ગરબાઓ થકી થઈ છે અને આજથી મા દુર્ગાના ગરબાઓની રમઝટ ગાંધીનગરને ધબકતું બનાવશે. ગાંધીનગરમાં સૌરાષ્ટ્રની વસ્તી વધારે છે તેમાં ઉત્તર ગુજરાતના ભાતીગળ ગરબાઓ તેમજ સૌરાષ્ટ્રના રાસ-ગરબાઓનું સંમિશ્રણ એ આજથી ગાંધીનગમાં જોવા મળશે. શહેરમાં ૧૪૦થી વધુ સ્થાનો પર આજે ખેલૈયાઓ ગરબાની રમઝટ બોલાવશે.

### ઘટસ્થાપનનું મુહૂર્ત

શારદીય નવરાત્રિમાં દેવી પૂજા પહેલા ૨૬ સપ્ટેમ્બરના રોજ ઘટસ્થાપના થશે. આ દિવસે સવારે ૬ કલાક ૨૮ મિનિટથી લઈને ૮ કલાક ૧ મિનિટ સુધી કળશ સ્થાપના કરી શકાશે. ઘટસ્થાપના માટે સાધકોને ૧ કલાક ૩૩ મિનિટનો સમય મળશે. જે માઈભક્તો વ્રત રાખવા માંગે છે તેઓ આ એક કલાકની અંદર કળશ સ્થાપના કરી શકશે.

### અભિજીત મુહૂર્તમાં કળશ સ્થાપના

જે માઈભક્તો કોઈ કારણવશ નક્કી મુહૂર્ત પર નથી ઘટસ્થાપના કરી શકતા તેઓ અભિજીત મુહૂર્તમાં પણ આ કામ કરી શકે છે. અભિજીત મુહૂર્તમાં ઘટસ્થાપના કરવી અત્યંત શુભ માનવામાં આવે છે. આ દિવસે સવારે ૧૧ વાગે અને ૫૪ મિનિટથી લઈને ૧૨ કલાક ૪૨ મિનિટ સુધી અભિજીત મુહૂર્ત રહેશે એટલે કે તેઓને કળશ સ્થાપના માટે ૨૮ કલાકનો સમય મળશે.

### કળશ સ્થાપનામાં જરૂરી સામગ્રી

બાજોઠ, લાલ કપડું, સાત પ્રકારના અનાજ (જવ, તલ, ચોખા, મગ, બાજરી, ચણા, ઘઉં) જળ, ચંદન, ફૂલ, દૂર્વા, અક્ષત, સોપારી અને સિક્કા. પંપ પલ્લવ એટલે પીપળો, ગુલર, આંબો, આસોપાલવ અને વડના પાન.

## નબળુ નેતૃત્વ અને યોગ્ય મોનીટરીંગનો અભાવ વચ્ચે

# જિલ્લાનું આરોગ્ય તંત્ર ચાર્જમાં ચાલે છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં બધુ તંત્ર એમાંય ખાસ કરીને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ આપવાની સરકારની વાતો વચ્ચે આરોગ્યતંત્ર જે રીતે ચાર્જમાં ચાલે છે તેને લઈ લોકોમાં હવે સેવાઓ અંગે અનેક શંકા-કુશંકાઓ થઈ રહી છે.

જિલ્લામાં જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી, જિલ્લા ક્વોલીટી અધિકારી, જિલ્લા મેલેરિયા અધિકારીની જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે.

જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી હાલ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી સંભાળી રહ્યા છે જ્યારે ક્વોલીટી અધિકારીનો ચાર્જ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી સંભાળી રહ્યા છે.

જિલ્લામાં કોરોના અને સ્વાઈન ફ્લુની સાથે વાહકજન્ય રોગચાળો જે રીતે વકર્યો છે ત્યારે મેલેરિયા અધિકારીની જગ્યા છેલ્લા બે વર્ષથી ચાર્જમાં ચાલી રહી છે. જિલ્લામાં હાલ ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયાના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

તાજેતરમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે સંચારી રોગની બેઠક મળી તેમાં વધુ એક તાકીદનો હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો રાઉન્ડ કરવાની તાકીદ કલેક્ટરે પરિસ્થિતિને ધ્યાને લઈ કરવાની સૂચના આપી હતી.

જિલ્લાકક્ષાએ આ અંગે યોગ્ય મોનીટરીંગનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. હાલ મેલેરિયા અધિકારી તરીકે તાલુકા હેલ્થ અધિકારી ગાંધીનગરને વધારાનો હવાલો સોંપાયો છે.

જિલ્લામાં જે રીતે કન્સ્ટ્રકશન સાઈટો ઈંટોના ભઠ્ઠા પર શ્રમિકોની આવન-જાવન અને પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે જે રીતે મચ્છરોના પોરા મળી રહ્યા છે તેમજ કેસો વધી રહ્યા છે ત્યારે તેનુ કડક મોનીટરીંગ થાય તે જરૂરી છે.

જિલ્લાતંત્ર પણ લાચાર બની ગયુ છે કારણ કે તેને યોગ્ય નેતૃત્વ કે યોગ્ય રજુઆતો સરકારમાં કરવામાં આવતી નથી. પરિણામે જિલ્લાનું આરોગ્યતંત્ર સાવ રેઢિયાળ થઈ ગયુ છે. પુરતા પ્રમાણમાં સ્ટાફ પણ નથી.

# આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે કેન્દ્રીય ચૂંટણી પંચ

**સામાન્ય ચૂંટણીની તૈયારી માટે આમ તો ચોથીવાર પંચની ટીમ આવે છે જો કે આ વખતે આખુ પંચ આવે છે**

ગાંધીનગર, તા. ૨૫

આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીની તૈયારીઓની આખરી સમીક્ષા માટે આજથી બે દિવસ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ ગુજરાતના પ્રવાસે આવી રહેલ છે.

રાજીવકુમાર અને અનુપચંદ્ર પાન્ડેના નેતૃત્વમાં પંચના ૧૦થી વધુ સિનીયર અધિકારીઓ સાથે પંચ ગાંધીનગર સ્થિત હોટલ લીલા ખાતે વિધાનસભાની ચૂંટણી અંગેની સમીક્ષાની કામગીરી હાથ ધરશે.

હિમાચલપ્રદેશથી મુલાકાત પછી પંચ ગુજરાતની મુલાકાતે સીધુ આવી રહ્યુ છે. ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે તેવી અટકળો વચ્ચે પંચ આમ તો છેલ્લા બે મહિનામાં ચોથીવાર ગુજરાત આવી રહ્યુ છે. જો કે અગાઉ પંચના નાયબ ચૂંટણી કમિશનર અને સિનીયર અધિકારીઓએ ગુજરાતની મુલાકાત લીધી હતી.

પંચ બે દિવસ સુધી ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરનાર છે. પહેલા દિવસે કલેક્ટરો, જિલ્લા પોલીસ વડાઓ સાથે બેઠક કરી કરાયેલ તૈયારીઓની સમીક્ષા કરશે.

રાજકીય પક્ષો સાથે પણ અલગથી બેઠક કરશે. પંચ આ વખતે ખર્ચ નિયંત્રણને લઈ અતિ આગ્રહી બન્યુ હોવાથી જુદી જુદી એન્ફોર્સમેન્ટ એજન્સીના અધિકારીઓ સાથે પણ બેઠક કરનાર હોવાનું જાણવા મળેલ છે. પંચે મતદારયાદી નોંધણીના નવા નિયમો અમલી બનાવ્યા છે એટલે નવા નોંધાયેલા મતદારો સાથે પણ અલગથી બેઠક કરશે તેમજ મતદાર જાગૃત્તિ અભિયાનને લઈ પણ ખાસ સમીક્ષા કરશે તેમ જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવરાતના તહેવારમાં જ જુના સેક્ટરોમાં પાણીનો કકળાટ

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં ફરી પાણીનો કકળાટ ઉઠવા પામ્યો છે નગરના જુના સેક્ટરોમાં છેલ્લા એક સપ્તાહથી પાણીનો ફોર્સ ઘટી ગયો છે નવરાતના તહેવાર ટાણે સેક્ટરોમાં પાણીની પોકાર ઉઠતા સ્થાનિકોમાં રોષ પ્રવર્ત્યો છે પાણી પૂરતા ફોર્સેથી આવે તે માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે

શહેરમાં ફોર્સથી પાણી આપવા માટે ચરેડી અને સરિતા વોટર વર્કસ ઉપરાંત સેક્ટર ૫માં ઓવરહેડ ટાંકી કાર્યરત છે પરંતુ છેલ્લા એક અઠવાડિયાથી જુના સેક્ટરોમાં ધીમા ફોર્સથી પાણી આવતા અન્ડર ગ્રાઉન્ડમાંથી પાણી ભરવું પડે છે. પાણીનો ધીમો ફોર્સ આપવા છતાં પાણીના નળમાં મોટર મુકીને પાણી ખેંચતા તત્વોને પકડીને દંડનીય કાર્યવાહી નહી કરાતા નળમાં પૂરતા ફોર્સ થી પાણી આવતું ન હોવાનો આક્રોશ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે

જુના સેક્ટરોમાં જેટલા ફોર્સથી પાણી આપવામાં આવે છે તેટલા જ ફોર્સથી મંત્રી નિવાસ, ધારાસભ્ય નિવાસ અને ઉચ્ચ અધિકારી નિવાસવાળા સેક્ટરોમાં આપવામાં આવે તો ધીમા ફોર્સથી પાણી આવતા લોકોને કેવી હાલાકી પડે છે તેની જાણ મહાનુભાવોને થાય તેવી ચર્ચા સ્થાનિક રહેવાસીઓ કરી રહ્યાં છે. પાણીનો બગાડને રોકવા તેમજ ચાલુ નળમાં મોટર મુકનારા તત્વોને પકડીને કડક

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પંક્ચર ના થાય તેવી પાઈપલાઈન નાખવામાં આવી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પંક્ચરના થાય તેવી કાસ્ટ આયર્નની લાઈન નાખવામાં આવી છે જયારે હવે પાણીની સમસ્યા હલ થશે તો બીજી તરફ દબાણ હોય તેવા કિસ્સામાં પાણીનું જોડાણ નહીં આપવાનો નિર્ણય લેવાયો છે.

બોરિજ, પાલજ અને બાસણ ગામમાં નવા વર્ષમાં અને ઉનાળા પહેલા રહેવાસીઓને પીવા માટે નર્મદાના પાણી મળી જવાની આશા છે. પાટનગર યોજના વિભાગના પાણી શાખાના ઈજનેરી સુત્રોએ જણાવ્યું કે આ યોજના અંતર્ગત ન્યુક્લિયસ વિલેજીસમાં ગેરકાયદે જોડાણ લેવાની પ્રવૃત્તિ રોકવા માટે હેવી મશીનરી વગર તો પંક્ચર પાડી નહીં શકાય તેવી કાસ્ટ આર્યનની ૧૬ કિલોમીટર લંબાઈની વિતરણ પાઈપ લાઈન નખાઈ છે. પાટનગરમાં અને મહાપાલિકા વિસ્તારમાં સમાવવામાં આવેલા શહેરી ગામોમાં નર્મદાના પાણી આપવા માટેની યોજના અંતર્ગત સમ્પ, અન્ડર ગ્રાઉન્ડ ટાંકી અને ઉંચી ટાંકીના કામ પહેલા પૂર્ણ કરવામાં આવી છે અને ૧૬ કિલોમીટર લંબાઈની પાઈપ લાઈન બિછાવવાનું કામ પુર્ણ કરી દેવામાં આવ્યું છે. અધિકારી સુત્રો દ્વારા જણાવવામાં આવ્યું, કે શહેરી ગામોમાં હાલમાં પાણીનું વ્યવસ્થાપન નહીં હોવાની વાત જ નથી. પરંતુ અહીં બોર આધારિત પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા કરવામાં આવી છે

નર્મદાના નીરની આ યોજના પાછળ રૂપિયા ૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરી ગામોમાં રહેણાંક હેતુના દબાણોની સંખ્યા વ્યાપક છે. છેલ્લે ઓપરેશનમાં બોરિજ ગામ વિસ્તારમાં ૨૦૦ મકાન તોડી પાડવામાં આવ્યા હતાં. હવે વિભાગ દ્વારા દબાણ કરીને બાંધેલા ઘરમાં પાણીનું જોડાણ નહી જ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જોકે તેનો અમલ થશે, કે નહીં તે સમય જ કહેશે. બોરિજમાં ૧૬.૬૮ લાખ લીટર ક્ષમતાનો સમ્પ, ૮.૩૯ લાખ લીટરની ઉંચી ટાંકી, પાલજમાં ૭.૩૫ લાખ લીટરનો સમ્પ, ૩.૬૮ લાખ લીટરની ઉંચી ટાકી

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com